**સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થીઓને શાળાના પરિણામોની સાથે જ જાતિ પ્રમાણપત્રો પૂરા પાડવાની સુવિધા બાબત.**

(૨૨૭)

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૯-મં.૩૧-અ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ : ૯-૩-૨૦૦૦.

- : આમુખ : -

ગુજરાત રાજયમાં રાજય સરકારે જાહેર કરેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને આપવામાં આવતા વિવિધ લાભો માટે જાતિની ખરાઈ આધારિત જાતિ પ્રમાણપત્રો આપવાની વિવિધ સૂચનાઓ અમલમાં છે. આવા જાતિ પ્રમાણપત્રો સમયસર ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકારે અવારનવાર સૂચનાઓ પણ બહાર પાડી છે તેમ છતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિધ્યાર્થીઓને ખાસ કરીને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં સરકારે નિયત કરેલ ૨૭ ટકા અનામત જગ્યાઓ સામે વિવિધ ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવતી વખતે આવા જાતિના પ્રમાણપત્રો સમયસર મેળવવામાં મુશ્કેલી પડતી હોવાનું રાજય સરકારના ધ્યાન ઉપર આવેલ છે. ઘણીવાર પરીક્ષાના પરિણામો બાદ આવા જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે રાજય સરકારે નકકી કરેલ સક્ષમ અધિકારીઓની કચેરીઓમાં આવા જાતિ પ્રમાણપત્રો મેળવવા માટે વિધ્યાર્થીઓ અને વાલીઓનો ખૂબ જ ધસારો થાય છે. વળી ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવાની સમગ્ર કાર્યવાહી ખૂબ જ [illegible] અને સમય મર્યાદિત હોવાથી આવા જાતિ પ્રમાણપત્રો સમય મર્યાદામાં મેળવીને રજૂ કરવામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિધ્યાર્થીઓ અને વાલીઓને ખૂબ જ દોડધામ કરવી પડે છે અને કેટલીકવાર બિનજરુરી હાલાકી, સમય શકિત અને નાણાંનો દુર્વ્યય થાય છે. વિવિધ યોજનાઓના લાભોની સાથોસાથ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને નિયત ટકાવારીનો મહત્તમ લાભ મળી શકે તે માટે જાતિ પ્રમાણપત્રો સમયસર અને સરળતાથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

- : ઠ રા વ : -

આ સંજોગોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિધ્યાર્થીઓ અને વાલીઓને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોમાં ૨૭ ટકા અનામતની જગ્યાઓ પર પ્રવેશ

૨.

માટે સરળતા રહે તે આશયથી આવા વિધ્યાર્થીઓને જે તે શાળા ધ્વારા જ પરીક્ષાના પરિણામોની સાથે જ જાતિના પ્રમાણપત્રો મળી રહે તેવી વ્યવસ્થા કરવાનું ઠરાવવામાં આવેલ છે. આ હેતુસર નીચે મુજબ કાર્યવાહી કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

(૧) રાજયની તમામ ખાનગી તેમજ સરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોએ તેમની શાળાના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં અભ્યાસ કરતાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિધ્યાર્થીઓને શાળાના જનરલ રજીસ્ટર ઉપરથી આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબની વિગતોવાળી શાળાના વિધ્યાર્થીઓની સંકલિત યાદીરુપે દરખાસ્ત તૈયાર કરી મોડામાં મોડી તારીખ ૩૧, ડીસેમ્બર સુધીમાં સંબંધિત જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.)ને અચૂકપણે મોકલવાની રહેશે. જે વિધ્યાર્થીઓને ધોરણ-૧૦ કે અગાઉ આવા પ્રમાણપત્રો મળી ગયા હોય તેવા વિધ્યાર્થીઓનો આ યાદીમાં સમાવેશ કરવાની જરુરિયાત રહેશે નહીં.

(૨) શાળાઓ મારફતે ઉપલબ્ધ કરાયેલ યાદીઓને આધારે શકય હોય ત્યાં સુધી શાળાના કર્મચારીની રુબરુમાં જ યાદીની ચકાસણી કરી લઇને વિધ્યાર્થીઓના જાતિ પ્રમાણપત્રો તુરત જ તૈયાર કરાવી જે તે શાળાના કર્મચારીને પૂરા પાડવા. તેમ છતાં જો ચકાસણીમાં સમય લાગે તેવું જણાય તો પણ આવા જાતિ પ્રમાણપત્રો **મોડામાં મોડા ૩૦મી એપ્રિલ સુધીમાં** અચૂકપણે શાળાના આચાર્યશ્રીઓને મળી જાય તેની જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.)એ તકેદારી રાખવી. આ કાર્યવાહીમાં શાળાના કર્મચારીઓએ પણ જિલ્લા અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પૂરો સહયોગ આપવો. જેથી વિધ્યાર્થીઓને વિના વિલંબે તુરત જ જાતિ પ્રમાણપત્રો પૂરાં પાડી શકાય.

(૩) શાળાના આચાર્યશ્રીઓએ સ્પષ્ટ રીતે નકકી થઇ શકે તેવા વિધ્યાર્થીઓની પૂરેપૂરી વિગતો ઉપર જણાવ્યા મુજબના પરિશિષ્ટમાં મોકલવી. પરંતુ જે વિધ્યાર્થીઓ અંગે જાતિ, પેટા જાતિ કે શાળા છોડયા પ્રમાણપત્ર(એલ.સી.)માં ધ્વીધા કે અસ્પષ્ટતા જણાતી હોય તેવા વિધ્યાર્થીઓની વિગતો મોકલવી નહીં. પરંતુ આવા વિધ્યાર્થીઓની જાણકારી સારુ આવા વિધ્યાર્થીઓની એક યાદી શાળાએ પોતાની રીતે નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરી દેવી જેથી સંબંધકર્તા વિધ્યાર્થીઓ/ વાલીઓ જરુરી આધાર-પુરાવાઓ કે ખૂટતી વિગતો સાથે સીધે સીધા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી અથવા અન્ય સક્ષમ અધિકારીનો સંપર્ક કરીને પ્રમાણપત્રો મેળવી શકે. જિલ્લા અધિકારીઓએ પણ આવી વિગતો ઉપલબ્ધ કરનાર વિધ્યાર્થીઓ / વાલીઓને પુરાવાઓ તપાસી શકય હોય ત્યાં સુધી કોઇ પણ જાતની હેરાનગતિ સિવાય પ્રમાણપત્રો પૂરાં પાડવામાં આવે તે જોવું.

(૪) જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી પાસેથી જાતિ પ્રમાણપત્રો મેળવ્યા બાદ સંબંધિત શાળાના આચાર્યશ્રીઓએ ધોરણ- ૧૦ અને ધોરણ- ૧૨ની પરીક્ષાના પરિણામોની સાથે જ તેમની

શાળાના વિધ્યાર્થીઓને આવા જાતિ પ્રમાણપત્રો અચૂક રીતે આપી દેવામાં આવે તે જોવું. શકય હોય ત્યા જાતિ પ્રમાણપત્રો આપ્યા અંગેની જરુરી નોંધ જે તે વિધ્યાર્થીના શાળા છોડયા પ્રમાણપત્ર (એલ.સી.) ઉપર પણ કરી લેવી.

૨. આ વ્યવસ્થા ફકત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના વિધ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે જાતિ પ્રમાણપત્રો મેળવવામાં પડતી તત્કાલિન હાલાકી દૂર કરવાના આશયથી વધારાની વ્યવસ્થા રુપે અમલમાં આવે છે તેથી જાતિ પ્રમાણપત્રો સ્થાયી હુકમો અનુસાર સરકારે અધિકૃત કરેલ અન્ય અધિકારીઓ પાસેથી સીધે સીધા મેળવવાની હાલની સૂચનાઓ પણ યથાવત જ રીતે અમલમાં રહે છે અને તેથી આવા સક્ષમ અધિકારીઓએ આ વ્યવસ્થા હોવા છતાં આવા જાતિ પ્રમાણપત્રો મેળવવા આવનાર વિધ્યાર્થીઓ / વાલીઓને પોતાની સત્તાની રુએ ચકાસણી કરીને જાતિ પ્રમાણપત્રો પૂરા પાડવાની તેમની ફરજ યથાવત રીતે બજાવવી જેથી વિધ્યાર્થીઓને અને વાલીઓને જાતિ પ્રમાણપત્રો મેળવવામા આ વૈકલ્પિક વ્યવસ્થાનો પણ પૂરતો લાભ મળી શકે. આ વ્યવસ્થા ચાલુ વર્ષથી જ અમલમાં મૂકાતી હોવાથી ચાલુ વર્ષ પૂરતી આવી યાદી મોડામાં મોડી તારીખ ૧૫ મી એપ્રિલ પહેલાં જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓને મળી જાય તેની તકેદારી સંબંધકર્તા શાળાના આચાયશ્રીઓએ રાખવી અને જિલ્લા અધિકારીઓએ પણ તે જ સમય મર્યાદામાં મોડામાં મોડી તારીખ ૩૦મી એપ્રિલ સુધીમાં શાળાના આચાર્યશ્રીઓને આવા જાતિ પ્રમાણપત્રો અપાઇ જાય એ જોવું જેથી ઉચ્ચ અભ્યાસક્રમોના આગામી નવા શૈક્ષણિક સત્રોમાં પ્રવેશની સરળતા રહે.

૩. આ હુકમો સરકારના શિક્ષણ વિભાગના પરામર્શમાં અને તેઓની સંમતિ મેળવીને કરવામાં આવે છે તેથી આ સંબંધમાં શિક્ષણ વિભાગે પણ જરુરી આનુષાંગિક સૂચનાઓ સંબંધકર્તા ખાતાના વડાઓ અને જિલ્લા શિક્ષણાધિકારીઓ મારફતે રાજયની તમામ માધ્યમિક , ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યોના ધ્યાન ઉપર મૂકી પછાત વર્ગોના વિધ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષની આ કાર્યવાહીમાં પૂરતો સહયોગ અપાય તે જોવું. તે જ રીતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ સઘળા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.)ને તથા જિલ્લા કલેકટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ પણ તેમની હસ્તકના સક્ષમ સત્તાધિકારીઓને આવા જાતિ પ્રમાણપત્રો આપવાની કાર્યવાહી સમયસર પૂરી થાય તે જોવા માટે જરુરી સૂચનાઓ આપવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પી.એમ.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.

૪.

સર્વે મંત્રીશ્રીઓ /રાજય કક્ષાના મંત્રીશ્રીઓ / નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર( ત્રણ વધારાની નકલો સાથે)
સચિવાલયના સર્વે વિભાગો
કમિશનર ઓફ સ્કૂલ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા શિક્ષણાધિકારીઓ
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ (વિ.જા.)
સર્વે ખાતાના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના સર્વે બોર્ડ /નિગમો
વિભાગની શાખાઓ અ.૧, ગ, જ, હ
સીલેકટર ફાઈલ અ- શાખા